# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com

ક્રમાંક: વિશ્વ યોગ દિન/૨૦૧૯/ તા.૧૩/૦૬/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તામામ

ભાવનગર

વિષય : ૨૧ મી જૂન-૨૦૧૯ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ : કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ભાવનગરના પત્રાંક : વહટ-૩/યોગ ડે-૩/૨૧-૬/ ૨૦૧૯ તા.૦૭/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનુ કે સરકારશ્રીના ઠરાવ મુજબ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી છે તદાનુસાર પ્રતિ વર્ષ ૨૧ મી જૂનને વિશ્વ યોગ દિન તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરવામાં આવ્યુ છે. ભારત સરકારે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં સંપૂર્ણ રાષ્ટ્રમાં આ સંદર્ભે ૨૧મી જૂન ના દિવસે વિરાટ અને ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે જેના અનુસંધાને ભાવનગર જિલ્લામાં આવેલ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓમાં વિશ્વ યોગ દિનની ઉજવણી કરવાનું જણાવવામાં આવે છે.

- તા.૦૭ જૂનથી બાયસેગ દ્વારા રોજ સવારે ૭:૦૦ કલાકે ૪૫ મિનીટનો પ્રોગ્રામ રીલે કરવામાં આવે છે. તથા ૨૧ મી જૂનના દિવસે પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.
- દરેક શાળાને જિલ્લા રમતગમત કચેરી-ભાવનગર દ્વારા ઇ-મેઇલથી પ્રેક્ટિસ માટે વિડીયોની લિંક મોકલવામાં આવે છે. અને જિલ્લા રમતગમત કચેરી ભાવનગરના બ્લોગ એડ્રેસ dsosportsbvr.blogspot.com પર મુકવામાં આવેલ છે.
- તા.૧૪ થી ૨૦ જૂન સુધી વિદ્યાર્થીઓ માટે યોગાભ્યાસનું આયોજન કરવું. (શાળામાં પ્રેક્ટિસ કરાવવી.)જેમાં આયુષ દ્વારા પ્રસારિત કરવામાં આવેલ કોમન યોગા પ્રોટોકોલ પ્રમાણે તાલીમ અને નિદર્શન કરાવવાનું રહેશે. જે આયુષની વેબ સાઇટ www.ayush.gov.in અને www.yogamdnly.nic.in અને sgsu.gujarat.gov.in પરથી મેળવી શકાશે.

Scanned by CamScanner

દરેક શાળામાં નોડલ ઓફિસર તરીકે શાળાના આચાર્યશ્રીએ અને મદદનીશ નોડલ ઓફિસર તરીકે વ્યાયામ શિક્ષકે ફરજ બજાવવાની રહેશે. મદદનીશ નોડલ ઓફિસરે યોગની પ્રેક્ટિસ કરાવવાની રહેશે. ૨૧ મી જૂનના દિવસે યોગમાં શૈક્ષણિક-બિનશૈક્ષણિક અને વિદ્યાર્થીઓએ પોતાની ક્ષમતા મુજબ યોગાભ્યાસ કરવાનો રહેશે અને તેનો ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ ભાગ લીધેલ વિદ્યાર્થીઓની(કુમાર કન્યા અલગ અલગ) સંખ્યા સાથે શાળાના લેટર પેડ ઉપર સોફ્ટ કોપી અત્રેની યોજના શાખાનાં ઇ-મેઇલ આઇડી **yojana.deobhav@gmail.com** પર તા.૨૨-૦૬-૨૦૧૯ સુધીમાં મોકલી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી તમામ

સદર કચેરી

Scanned by CamScanner